# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/130 Dt. 27/11/2024

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની શ્રીલંકા ટુરિઝમ ડેવલપમેન્ટ ઓથોરિટી સાથે બેઠક યોજાઈ

## પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ 'વસુધૈવ કુટુંબકમ'નો દાર્શનિક વિચાર રાખીને ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રવાસન વિનિમયને વેગ આપવાની આશા વ્યક્ત કરી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ શ્રીલંકા ટુરિઝમ ડેવલપમેન્ટ ઓથોરિટી અને શ્રીલંકા ટુરિઝમ પ્રમોશન બોર્ડ સાથે બેઠક યોજી હતી, જેમાં પર્યટન ઉદ્યોગમાં ઉન્નત સહકાર દ્વારા પ્રવાસન વિનિમયને વેગ આપવા, સંયુક્ત પહેલ વિકસાવવા અને બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટેની તકો શોધવા પર ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ભારત ઐતિહાસિક-સાંસ્કૃતિક ધરોહર ધરાવતો દેશ છે. ભારતના પર્યટનમાં ઈકો ટુરિઝમ પોઈન્ટ, ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થળોની સાથે જ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર અનેક જગ્યાઓનો સમાવેશ થાય છે. દેશમાં પ્રતિ વર્ષ આવતાં વિદેશી પર્યટકોની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે, જે ભારતમાં રોજગાર માટેની

વિશાળ તકો નિર્માણ કરે છે. ભારતીય અર્થવ્યવસ્થામાં ટુરિઝમ ક્ષેત્ર મહત્વનું યોગદાન આપે છે. ‘વસુધૈવ કુટુંબકમ’નો દાર્શનિક વિચાર રાખીને ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રવાસન વિનિમયને વેગ આપવામાં આવશે તેવી હું આશા રાખું છું.’

ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ભારતે પોતાની ‘અતિથી દેવો ભવઃ’ની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખી છે. પર્યટનથી બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત થાય છે અને દેશોની અર્થવ્યવસ્થાને વેગ મળે છે. તેવી સ્થિતીએ પર્યટન ક્ષેત્ર વિશે પરસ્પર વિચારોનું આદાન-પ્રદાન કરવું પણ અનેક ગણા મહત્વનું છે.

તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, પ્રવાસ વ્યક્તિના જીવનમાં, વિચારશૈલીમાં અનેક સકારાત્મક અસર કરે છે. સાથે જ વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવામાં પણ મહત્વની ભૂમિકા બજવે છે. પર્યટન ક્ષેત્રે પણ અનેક રોજગારી અને રોકાણની તકો રહેલી છે.

આ મિટીંગ શ્રી બુદ્ધિકા હેવાવાસમના અધ્યક્ષ પદે યોજાઈ હતી. તેમણે ઉપસ્થિતોને શ્રીલંકાના પ્રવાસન ક્ષેત્રની મૂલ્યવાન સમજ આપી હતી અને ભારત અને શ્રીલંકા વચ્ચે ખાસ કરીને પ્રવાસન ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગની અપાર સંભાવનાઓ પર ભાર મૂક્યો હતો. આ જોડાણ બંને દેશો માટે પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપવા અને પ્રવાસન-સંબંધિત વેપારી સંભાવનાઓને વિસ્તારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પગલાથી બંને રાષ્ટ્રો વચ્ચે આર્થિક ભાગીદારી વધુ મજબૂત થશે, રોકાણ, પરસ્પર વૃદ્ધિ અને વિકાસ માટેના નવા દરવાજા ખુલશે.

માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ શ્રીલંકાના પર્યટન ક્ષેત્રમાં આવેલી નાવિન્યતા, ટેક્નોલોજી વિશે વિસ્તૃતમાં માહિતી મેળવી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લએ આભાર વિધી કરી હતી, ત્યાર બાદ બેઠકનું સમાપન થયું હતું.